# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૧૦-૧૦-૨૦૧૨**

- **કેન્દ્રમાં ભાજપની આગેવાનીવાળી એનડીએની સરકાર આવી ત્યારે ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો ૨,૩૮૨ કિ.મી.ના હતા અને પાંચ વર્ષનું શાસન પૂરું થયું ત્યારે ગુજરાતમાં ૨૦૦૩-૦૪માં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ વધવાના બદલે ઘટીને ૨,૩૫૪ કિ.મી. થઈ ગઈ હતી.**
- **કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાનીવાળી સરકાર આવી ત્યારે ૨૦૦૨-૦૩માં ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ ૨,૩૫૪ કિ.મી. હતી, તે વધીને રેકોર્ડ બ્રેક રીતે ગુજરાતમાં ૨૦૦૮-૦૯માં ૩,૨૪૫ કિ.મી.ની થઈ છે.**
- **કેન્દ્ર સરકારે આદિવાસીને વનસંપત્તિ પરના અધિકારનો કાયદો આપ્યો, પરંતુ ગુજરાત સરકારે આદિવાસીભાઈઓને જમીન પરના અધિકારપત્રો હજુ સધી આપ્યા જ નથી.**
- **આદિવાસીઓને સૌથી ઓછી જમીન ફાળવવામાં ગુજરાતની ભાજપની સરકાર પ્રથમ ક્રમે.**
- **ગુજરાતમાં ગેસની પાઈપલાઈન નાંખવાની ના પાડનાર કેન્દ્રની ભાજપની એનડીએની સરકાર હતી.**
- **ગુજરાતના મુખ્યમંત્રી જાહેર કરે કે ગેસની પાઈપલાઈન નાંખવા માટેની મંજૂરી રેગ્યુલેટરી બોર્ડની છે કે કેન્દ્ર સરકારની ?**
- **ગુજરાત સરકાર શિક્ષણ માટે દેશમાં સૌથી ઓછું બજેટ ફાળવતી સરકાર.**
- **ગુજરાત સરકાર શિક્ષણમાં નાણાં ન ફાળવતી હોવાના કારણે મેડીકલ કોલેજના એક પ્રજાપતિના બાળકે આત્મહત્યા કરવી પડી.**

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા વિધાનસભા મતવિસ્તાર તથા હિંમતનગર વિધાનસભા મતવિસ્તારના સેંકડો કાર્યકર્તાઓ, બુથના પ્રભારી તેમજ સ્થાનિક આગેવાનોની મિટીંગને સંબોધન કરતાં વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૧૨ વર્ષમાં માત્ર ને માત્ર માનીતા મોટા ઉદ્યોગપતિઓની ચિંતા ગુજરાતની સરકારે કરી છે. દેશમાં આદિવાસી ભાઈઓ માટે વનસંપત્તિ પરનો અધિકારનો કાયદો દેશની કોંગેસની આગેવાનીવાળી સરકાર લાવી, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની માનસિકતા ગરીબ, દલિત, આદિવાસી અને લઘુમતી વિરુદ્ધની હોવાના કારણે ગુજરાતમાં વનસંપત્તિ પરના અધિકારના કાયદા નીચે વનમાં રહેતા આદિવાસી, બક્ષીપંચ અને અન્ય વર્ગના ભાઈઓને જમીન પરના હક્ક ગુજરાતની સરકારે આપ્યા નથી. અધિકૃત આંકડાઓ સ્પષ્ટ રીતે જણાવે છે કે, ગુજરાતની ભાજપની સરકારની માનસિકતા જ ગુજરાતના આમ આદમીને જમીન આપવા માટેની નથી. માનીતા ઉદ્યોગપતિઓને માંગે તેટલી જમીન મફતના ભાવે વાયબ્રન્ટ ગુજરાતના નામે ભ્રષ્ટાચારથી આપવામાં આવી છે અને બીજી તરફ આદિવાસી ભાઈને વનસંપત્તિ પરનો અધિકાર મળ્યો નથી. ગુજરાતમાં આમ આદમીના બાળકોને યોગ્ય અને મફત કે સસ્તું શિક્ષણ મળે તેની ચિંતા કરવામાં આવતી નથી. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે બજેટના આંકડાઓ દર્શાવીને કહ્યું હતું કે, દેશમાં ગરીબ રાજ્યોએ પણ શિક્ષણના ક્ષેત્રમાં ટકાવારીની દૃષ્ટિએ કુલ બજેટના વધારે નાણાં ફાળવ્યા છે, જ્યારે ગુજરાત આખા દેશમાં શિક્ષણ પાછળ સૌથી ઓછા

નાણાં ફાળવનારું રાજ્ય બન્યું છે. શિક્ષણને નાણાંની ફાળવણી નહીં કરવાના કારણે ગુજરાતમાં ભૂતકાળમાં કોઈપણ વ્યક્તિ એ પછી એન્જિનિયર બનવા માંગે કે ડોક્ટર બનવા માંગે તે નજીવી રકમમાં શિક્ષણ મેળવી શકતા હતા, તેની સામે આજે એન્જિનિયરીંગ કે મેડીકલનું શિક્ષણ સામાન્ય ગુજરાતીના બાળકને પોસાય જ નહીં તે રીતનું બની ગયું છે. અન્ય અભ્યાસક્રમો પણ માત્ર ને માત્ર શ્રીમંતોના બાળકો જ મેળવી શકે તેટલું મોંઘું શિક્ષણ ગુજરાતમાં બન્યું છે. અમદાવાદની મેડીકલ કોલેજના વિદ્યાર્થીનો દાખલો ટાંકતાં વિરોધપક્ષના નેતાશ્રીએ જણાવ્યું હતું કે, એક પ્રજાપતિના બાળકને પોતાના પરિવારે પેટે પાટા બાંધીને ડોક્ટર બનાવવા માટે અમદાવાદમાં એડમિશન લીધું હતું. મહેનતુ બાળક ખૂબ સારી રીતે અભ્યાસમાં પ્રગતિ કરી રહ્યો હતો, પરંતુ ગુજરાતની સરકારે અચાનક નક્કી કરેલી ફીમાં પણ વધારો કરી દેતા એ વિદ્યાર્થી કે જે ગરીબ પરિવારમાંથી આવતો હતો, તેણે વિચાર્યું કે મારો પરિવાર મારી ફીની રકમ ભરી શકશે નહીં અને પરિણામે એ આશાસ્પદ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી તે ગુજરાતની સરકાર માટે શરમજનક ઘટના છે. સંપૂર્ણ સંવેદના ગુમાવી ચૂકેલા ગુજરાતના મુખ્યમંત્રીએ આ પ્રજાપતિના પરિવારની નથી મુલાકાત લીધી કે નથી સરકાર તરફથી એકપણ રૂપિયાની પરિવારને રાહત આપવામાં આવી. આ આત્મહત્યા માટે જવાબદાર સામે પગલાં ભરાય તે માટે પરિવાર સતત ફરિયાદ દાખલ કરવા માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ ધક્કા ખાધા કરે છે, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની માનસિકતા જ ગરીબની ફરિયાદ ન લેવાય તે પ્રકારની હોવાથી આ વિદ્યાર્થીની આત્મહત્યા બાદ તેના પરિવારની ફરિયાદ પણ હજુ સુધી ધ્યાને લેવામાં આવી નથી.

ગુજરાતના મુખ્યમંત્રી પાઈપલાઈનથી ગેસ આપવા માંગું છું, પરંતુ કેન્દ્ર સરકારે મંજૂરી આપી નથી, તેવી સંપૂર્ણ હાસ્યાસ્પદ અને જૂઠ્ઠી વાત કરે છે. જો મુખ્યમંત્રીમાં હિંમત હોય તો એ જાહેર કરે કે, આ પાઈપલાઈન માટેની દરખાસ્ત સરકારે કઈ તારીખે અને કોને કરી ? હકીકતમાં જ્યારે દિલ્હીમાં ભાજપની આગેવાનીવાળી એનડીએની સરકાર હતી, એ સરકારે જ ગુજરાત સરકારને કહ્યું હતું કે, પાઈપલાઈન નાંખવા માટે જે અલગ મંજૂરી માટે અલગ ઓથોરીટીની રચના કરી છે અને ગુજરાતે જ્યાં કાંઈ પાઈપલાઈન ગેસ માટેની નાંખવી હોય ત્યાં એ સ્વતંત્ર ઓથોરીટીની મંજૂરી લેવી જોઈએ અને તેના ધોરણો પરિપૂર્ણ કરવા જોઈએ. આમ, અલગ ઓથોરીટીને સંતુષ્ટ કરવા માટે જે પેરામીટર્સ પૂરા કરવા જોઈએ તે એટલા માટે થયા નથી, કારણ કે ગેસની પાઈપલાઈનમાં પણ ગુજરાતના મુખ્યમંત્રીના માનીતાને કરોડો રૂપિયા પડાવી ખાવા હતા. કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાનીવાળી સરકારે ગુજરાતમાં ગેસની પાઈપલાઈન નાંખવા અંગે કોઈ દિવસ ના પાડવાનો સવાલ જ નથી, કારણ કે કોંગ્રેસની આગેવાનીવાળી કેન્દ્ર સરકાર મંજૂરી આપે તેવી કોઈ દરખાસ્ત પણ ભાજપ તરફથી આવેલ નથી. પાઈપલાઈન નાંખવા માટેની અલગ રેગ્યુલેટરી બોડી છે અને તે બોડીને સંતુષ્ટ કરવાની જવાબદારી ગુજરાત સરકારની છે. ભૂતકાળમાં આ અંગે નિર્ણય કરનાર પણ જે દિલ્હીની સરકાર હતી તે ભાજપની આગેવાનીવાળી હતી. સદંતર જૂઠ્ઠાણાંઓ બોલીને ગુજરાતના મુખ્યમંત્રીએ પોતે ૧૨ વર્ષ દરમ્યાન પ્રજાની તિજોરી લૂંટીને જે ખોટા કામો કર્યા છે તેનાથી પ્રજાનું ધ્યાન બીજે દોરવા માટેનો પ્રયત્ન કરે છે.

ગુજરાતના મુખ્યમંત્રી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને અન્યાયની જે વાતો કરે છે તેના સંદર્ભમાં વિરોધપક્ષના નેતાએ ચેલેન્જ કરીને જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા જ વિધાનસભામાં સામાજિક-આર્થિક સમીક્ષા - ૨૦૧૧-૧૨ રજૂ કરવામાં આવ્યું છે અને આ પુસ્તકમાં જ જે આંકડાકીય પત્રકો આપ્યા છે તેના પત્રક ૯.૨ કે જે રસ્તાઓના પ્રકાર મુજબની રસ્તાઓની લંબાઈ દર્શાવતા છે અને આ આંકડાઓ ગુજરાત સરકારે આપ્યા છે તેને ટાંકીને જણાવ્યું હતું કે, દિલ્હીમાં ભાજપની આગેવાનીવાળી કેન્દ્રમાં સરકાર ૨૦૦૦-૦૧માં આવી ત્યારે ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની કુલ લંબાઈ ૨,૩૮૨ કિ.મી. હતી, જે કેન્દ્રમાં ભાજપની આગેવાનીવાળી સરકાર રહી, ત્યારે

વધવાને બદલે ઘટીને ૨૦૦૩-૦૪માં એટલે કે જ્યારે ભાજપની આગેવાનીવાળી સરકાર સત્તામાંથી દિલ્હીથી ગઈ ત્યારે ૨,૩૫૪ કિ.મી. માત્ર રહી ગઈ હતી. આ અન્યાય ગુજરાતને રાષ્ટ્રીય ધોરીમાર્ગના ઘટાડાનો કેન્દ્રમાં ભાજપની સરકાર હતી ત્યારે થયો છે. આ જ પત્રકમાં સ્પષ્ટ જણાવાયું છે કે, દિલ્હીમાં કોંગ્રેસની આગેવાનીવાળી સરકાર આવ્યા પછી ગુજરાતમાં જે વારસામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો જે માત્ર ૨,૩૫૪ કિ.મી.ની લંબાઈના હતા, તેમાં સતત વર્ષોવર્ષ વધારો કરીને ૨૦૦૮-૦૯માં રેકોર્ડ બ્રેક લાભ ગુજરાતને રાષ્ટ્રીય ધોરીમાર્ગ માટે કોંગ્રેસની કેન્દ્ર સરકારે આપ્યો અને ૨૦૦૮-૦૯માં કુલ રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ ૩,૨૪૫ કિ.મી.ની પ્રાપ્ત થઈ છે. આમ, અનેકગણી લંબાઈ જો કોઈ સરકારે ગુજરાતને રાષ્ટ્રીય ધોરીમાર્ગ માટે આપી હોય તો તે કોંગ્રેસની આગેવાનીવાળી કેન્દ્રની સરકારે આપી અને જો કોઈએ અન્યાય કર્યો હોય ગુજરાતને તો એ સમયે રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં અન્યાય થયો કે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીના ગુરૂ અડવાણી ગુજરાતમાંથી જ ચૂંટણી લડીને નાયબ વડાપ્રધાન તરીકે દિલ્હીની સરકારમાં બેઠા હતા ત્યારે ગુજરાતના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ વધવાને બદલે ઘટાડવામાં આવી છે. વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે ચેલેન્જ કરીને કહ્યું હતું કે, મેં દર્શાવેલા આંકડાઓમાં એક જગ્યાએ પણ કંઈ ખોટું હોય એમ સાબિત કરી આપે ભાજપનો કોઈ કાર્યકર્તા કે મુખ્યમંત્રી તો ભાજપ જે સજા નક્કી કરે તે સજા ભોગવવાની અમારી તૈયારી છે. કોંગ્રેસ પક્ષ જૂઠ્ઠાણાંઓથી મતોનું રાજકારણ કરનારો પક્ષ નથી, પરંતુ લોકોની સુવિધાઓ અને વ્યવસ્થા માટે સત્ય હકીકત જે છે તે જ હંમેશા અમે રજૂ કરીએ છીએ.

સાબરકાંઠા ખાતેના સંમેલનને એ.આઈ.સી.સી.ના સેક્રેટરી અને સાંસદ શ્રી અશોક તન્વરે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત એ વિકાસમાં હંમેશા અગ્રેસર રહ્યું છે અને એનો યશ જો કોઈને પણ આપવો હોય તો તે ગુજરાતીઓની મહેનત અને સૂઝબૂઝને આપવો પડે. આજે ગુજરાતમાં સમતુલિત વિકાસ થવાના બદલે મુઠ્ઠીભર માનીતા શ્રીમંતોનો વિકાસ થયો છે અને આમ આદમીને પોતાની મહેનતના પ્રમાણમાં મહેનતના ફળ એટલા માટે મળતા નથી કે ગુજરાતની સરકાર આમ આદમીને સરકાર તરફથી જે સહયોગ મળવો જોઈએ તે આપવામાં આવતો નથી. આજના સંમેલનમાં એ.આઈ.સી.સી.ના મહામંત્રીશ્રી મધુસુદનભાઈ મિસ્ત્રીએ આદિવાસી અને મહેનતકશ લોકો માટે ગુજરાત સરકારની નીતિ જે નુકસાનકારક રહી છે તેની સિલસિલાબંધ હકીકતો રજૂ કરી હતી. શ્રી મિસ્ત્રીએ ભારત સરકારના કાર્યક્રમો જે આદિવાસી, ગ્રામીણ, ખેડૂત, દલિત, લઘુમતી અને આમ આદમી માટેના આવે છે તેને પણ જરૂરિયાતમંદ સુધી પહોંચાડવાની ગુજરાત સરકાર ચિંતા કરતી નથી. ભારત સરકાર તરફથી મહિલા અને બાળવિકાસ માટે આવેલા લાખો રૂપિયા ગુજરાતના મુખ્યમંત્રીએ પોતાની પ્રસિદ્ધિ અને પ્રચાર પાછળ વેડફી નાંખ્યા છે. ભિલોડા તેમજ હિંમતનગર ખાતેના કાર્યકર્તા સંમેલનોમાં ધારાસભ્યશ્રીઓ તેમજ જિલ્લાભરના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**

અંગત મદદનીશ